ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં આવતીકાલે પાણીનો સપ્લાય આપી શકાશે નહી...!!

**નભોઇ જી ઇ બીમાં રીપેરીંગ કામ હોવાથી પાવર સપ્લાય બંધ રહેતા ચરેડી, સરીતા અને સે-૫ ની ટાંકીમાં પાણી ભરાશે નહી જેના લીધે સેકટરોમાં પણ સપ્લાય પ્રભાવિત : સોમવારથી રાબેતા મુજબ પાણી મળશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણી ડહોળુ અને પુરતા દબાણથી ન આવતુ હોવાનો વારંવર કકળાટ પ્રવર્તે છે. નભોઇ પમ્પીંગ સ્ટેશન ખાતે ટેકનિકલ ખામી સર્જાતા અગાઉ પણ ત્રણ દિવસ સુધી પુરતા ફોર્સથી પાણી આવતુ ન હતુ જયારે આવતીકાલે જી ઇ બીમાં રીપેરીંગ કામના લીધે નભોઇ પમ્પીંગ સ્ટેશનમાં પાવરનો સપ્લાય બંધ રહેશે જેના લીધે આગામી રવિવારે સમગ્ર શહેરમાં પાણી પુરવઠો બંધ રહે તેવી સંભાવના છે. અલબત્ત શહેરના નવા અને જુના સેકટરોમાં પાણી સપ્લાય માટે ઉપયોગમાં લેવાતી ચરેડી, સરીતા અને સે-૫ ની ટાંકીમાં જ પાણી સપ્લાય ન થતા સેકટરોમાં સવારે અપાતા સપ્લાયમાં રુકાવટ આવશે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી પાણીનો કકળાટ સ્થાનિકો માટે રોષનુ કારણ બન્યો છે. અગાઉ સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જયારે છેલ્લા ત્રણ દિવસથી પાણીનો સપ્લાય તદન ઘટી જતા સેકટરવાસીઓમાં ઘરોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો હતો. નવા સેકટરોમાં સવાર પડતા જ પાણીની પોકાર સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો. નભોઇ પમ્પીંગ સ્ટેશન ખાતે ટેકનિકલ ખામી સર્જાતા સરીતા ટાંકીમાં પુરતો પાણીનો જથ્થો સપ્લાય થતો ન હતો. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા રોજ સપ્લાય થતા પાણીની સામે ૫૦ ટકા ઓછુ પાણી આપવામાં આવતુ હતુ. જેના લીધે નવા સેકટરોમાં સતત ત્રણ દિવસ સુધી પાણીની બુમ ઉઠતી રહી હતી. જયારે છેલ્લા બે દિવસથી પાણી પુરવઠો રાબેતા મુજબ સપ્લાય કરવામાં આવી રહ્યો છે. ત્યારે નભોઇ ખાતે પાવર સપ્લાયની સમસ્યાના લીધે ફરી એકવાર સમગ્ર શહેરમાં પાણી પુરવઠાનો સપ્લાય પ્રભાવિત થાય તેવી સ્થિતિ છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર જી ઇ બી ખાતે રીપેરીંગ કામના લીધે આવતીકાલે નભોઇ પમ્પીંગ સ્ટેશન ખાતે પાવર સપ્લાય બંધ રહેતા શહેરમાં સરીતા , ચરેડી અને સે- ૫ ની ટાંકી ખાતે પાણીનો સપ્લાય થઈ શકે તેમ નથી જેના લીધે આગામી રવિવારે સમગ્ર શહેરમાં પાણીનો સપ્લાય બંધ રહે તેવી સ્થિતિ છે. અલબત્ત પાણી પુરવઠા બોર્ડ દ્વારા શહેરની ચરેડી , સરીતા ટાંકી ખાતે પાણીનો સપ્લાય

● અનુસંધાન પાન-૭ પર



શુભેચ્છા મુલાકાત - ગુજરાતની મુલાકાતે પધારેલ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની શુભેચ્છા મુલાકાત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજભવન ખાતે લીધી હતી... રામનાથજીએ ભુપેન્દ્રભાઈને જંગી બહુમતીથી મુખ્યમંત્રી થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા...

# કેન્દ્રીય ગૃહમંત્રી શાહે તેમના વિસ્તારના ધારાસભ્યો સાથે બેઠક કરી

ગાંધીનગર, તા. ૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી વ ગાંધીનગરના સાંસદ અમીત શાહે તેમના વિસ્તારના ચૂંટાયેલા સાતેય ધારાસભ્યો સાથે આજે અમદાવાદ સરકીટહાઉસ ખાતે બેઠક યોજી વિકાસના કામો વેગીલા બનાવવા તેમજ વિસ્તારના પડતર પ્રશ્નોના ઉકેલ પર ધ્યાન કેન્દ્રીત કરવા સભ્યોને જણાવ્યુ હતુ. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ ખાતે યોજાયેલી આ બેઠકમાં ગાંધીનગર (ઉ), કલોલ તેમજ અમદાવાદની પાંચ બેઠકો ઘાટલોડિયા, સાબરમતી, નારણપુરાના ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. તેમણે ગાંધીનગર ગ્રીન પ્રોજેક્ટ્સ ગાંધીનગર જિલ્લાના તળાવોને ઈન્ટર લીંક કરવાના પ્રોજેક્ટ્સ સહિતના પ્રોજેક્ટ્સ જે હાલ ધરવામાં આવ્યા છે તેની વિગતવાર જાણકારી આપી હતી એટલુ જ નહિ તેમાં થેયલ કામગીરીની વિગતો જણાવી પ્રોજેક્ટ્સને આગળ ધપાવવા જણાવ્યુ હતુ.

ગૃહમંત્રીએ દષ્ટિ પ્રોજેક્ટ્સ અંતર્ગત મહિલા સશક્તિકરણ તેમજ કેન્સરના શંકાસ્પદ દર્દીઓ શોધવા સહિતના પ્રોજેક્ટ્સ અંગે પણ ચર્ચાઓ કરી હતી.

# ૩ મહિના બાદ આજે જિલ્લાની વિવિધ સમીક્ષા બેઠકો યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૬

ત્રણ મહિના બાદ આજે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષપદે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક મળશે. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષપદે મળનારી આ પ્રથમ બેઠક છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી પણ આ પ્રથમ બેઠક મળી રહી છે. આ બેઠકમાં ધારાસભ્યો દ્વારા પ્રજાના પ્રશ્નો રજુ કરવામાં આવતા હોય છે અને તે પ્રશ્નોના ઝડપી નિકાલ માટે કલેક્ટર જે તે અધિકારીઓને સૂચના આપતા હોય છે.

આજે મળનારી આ બેઠકમાં જિલ્લાના પાંચેય ધારાસભ્યો હાજર રહેશે તેમ જાણવા મળેલ છે. જો કે આજે પ્રથમ બેઠક હોવાથી સૌને માટે આ બેઠક પરિચય બેઠક બની રહેશે તેવુ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં કલેક્ટરના અધ્યક્ષપદે આજે કાયદો-વ્યવસ્થા, નાગરિક-પુરવઠા સહિતની ચારથી વધુ બેઠકો મળશે. દર મહિનાના ત્રીજા શનિવારે આ સમીક્ષા બેઠકો યોજાતી હોય છે.

# જિલ્લા પંચાયતની સેક્ટર-૧૬માં ૧૪ હજાર ચો.મી. જગ્યા ફાળવવા સરકારને દરખાસ્ત

**દહેગામ તાલુકા પંચાયતના નવા મકાન માટે મંજૂર રકમ કરતાં અંદાજ વધુ આવતાં મંજૂરીમાં મામલો અટવાયો : વિધાનસભાના બજેટ સત્રમાં નક્કર જાહેરાત થવાના સંકેતો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા હવે સે. ૧૬માં સિધ્ધાર્થ લૉ કોલેજ નજીક તેના નવા મકાન માટે ૧૪ હજાર ચો.મી. જેટલી જગ્યા માંગવામાં આવી છે. આ અંગેની વિધિવત્ દરખાસ્ત પણ ૯/૧૨માં કરી દેવામાં આવી છે જે હાલ સરકારમાં પડતર છે.

મળતી વિગતો પ્રમાણે લેકાવાડા નજીક માંગેલી જમીન ફાળવણીનો ઈન્કાર થયા બાદ સુરતની સંસ્થાએ બિલ્ડીંગ જર્જરિત થયા અંગેના આપેલા અહેવાલ પછી હરકતમાં આવેલા તંત્રએ સે. ૧૬માં સિધ્ધાર્થ કોલેજ નજીકની ખુલ્લી જગ્યા જે પડી છે તેની માંગણી કરતી દરખાસ્ત રજુ કરી છે.

ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે લેકાવાડા નજીક જમીન માંગવાને લઈ ઉભી થયેલી તિરાડ પછી આ નવો વળાંક આવ્યો છે અને હવે ગાંધીનગર શહેરમાં જ વૈકલ્પિક જમીનની માંગણી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ સપ્ટેમ્બર માસમાં જ તાબડતોબ આ અંગેની દરખાસ્ત તૈયાર કરી સરકારને મોકલી આપી હતી પરંતુ આ પછી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં તંત્ર અટવાઈ જતાં આ અંગેનું ફોલોઅપ લઈ શકાયુ ન હતુ.

આજે વિકાસ કમિશનરની કચેરી દ્વારા જિલ્લા-તાલુકા પંચાયતના નવા મકાનો બનાવવાની દરખાસ્તો અને જો રજુ કરાઈ હોય તો કઈ કક્ષાએ પડતર છે તેને લઈ જિલ્લાઓ સાથે બેઠક કરી હતી તેમાં પણ આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો.

જિલ્લાનું વિસ્તરણ થયા પછી હાલ જિલ્લા પંચાયતનું સંકુલ નાનુ પડી રહ્યુ છે એટલુ જ નહિ વર્ગ-૧ના અધિકારીઓને પણ સરકારની જોગવાઈ પ્રમાણે બેસવા માટેની ચેમ્બરો નથી.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પણ હાલ જિલ્લા પંચાયતના પ્રમુખની સાથે બેસી કામગીરી કરી રહ્યા છે. જિલ્લા પંચાતને નવી જગ્યા ફાળવવા માટે છેલ્લા ૧૫ વર્ષમાં છ થી સાત વખત સરકારને રજુઆત કરવામાં આવી હતી પરંતુ આ દરખાસ્તો અભેરાઈએ ચડી જતી હતી.

તંત્રએ આ પછી લેકાવાડા ખાતે જગ્યા ફાળવવા માંગણી કરી હતી પરંતુ ચૂંટાયેલી પાંખ અને તંત્ર વચ્ચે મડાગાંઠ થઈ હતી.

જિલ્લા પંચાયતની જમીનના મુદ્દે વર્તમાન અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ પણ કલેક્ટર અને ડી.ડી.ઓ.ને સાથે રાખી દરમ્યાનગીરી કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ ચૂંટાયેલી પાંખ અને તંત્ર વચ્ચેની તિરાડને લઈ પાછો મામલો અટવાઈ જવા પામ્યો હતો.

હવે જિલ્લા પંચાયત, રાજ્યમાં ભાજપે જવલંત વિજય સાથે પાંચેય બેઠક મેળવી છે ત્યારે આ પ્રશ્ન ઝડપથી ઉકેલાશે તેવી આશા સૌ કોઈને બંધાઈ છે. જિલ્લા પંચાયતની સિંચાઈ શાખા તો ભાડાના મકાનમાં ચાલે છે તો વૉટર શેડની ઓફિસ પણ ભાડે છે. આ ઉપરાંત ચેરમેનો તેમજ અધિકારીઓને પણ બેસવાની તકલીફો પડી રહી છે.

તાજેતરમાં સુરતની ઈજનેરી કોલેજ (કેન્દ્ર સરકાર સંચાલિત)એ પણ બિલ્ડીંગ જર્જરિત થયુ હોય તેને નોન યુઝ જાહેર કરવુ જોઈએ તેવો અભિપ્રાય આપ્યો છે. પંચાયતમાં વાહન પાર્કિંગની પણ સમસ્યા છે.

આજે વિડીયો કોન્ફરન્સમાં દહેગામ તાલુકા પંચાયતના નવા મકાનનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. જેમાં મંજૂર થયેલ રકમ કરતાં અંદાજો ઉંચા આવતાં તેની ટેકનીકલ મંજૂરી અને આગળની કાર્યવાહી અટવાઈ પડી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયત તેમજ દહેગામ તાલુકા પંચાયતના મકાન અંગે ઝડપથી ઉકેલ આવશે તેવી આશા સૌ જિલ્લાવાસીઓ અને રાજકીય વર્તુળો રાખી રહ્યા છે. બજેટ સત્ર દરમ્યાન આ અંગે નક્કર જાહેરાત થઈ શકે છે તેવા સંકેતો સચિવાલયના સૂત્રો આપી રહ્યા છે.

# ઈમ્પેક્ટ ફીની યોજનાને નબળો પ્રતિસાદ માત્ર ૩ અરજી મળી

**ગુડા વિસ્તારમાં યોજનાને અનુલક્ષી નિરસતા**

ગાંધીનગર, તા. ૧૬

ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરી દેવા માટે સરકાર દ્વારા વધુ એકવાર ઈમ્પેક્ટ ફીની ભરીને બાંધકામને કાયદેસર કરવાનો કાયદો અમલમાં મુકાયો છે જો કે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળના હદ વિસ્તારમાં આ યોજનાને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે અત્યાર સુધી માત્ર ૩ અરજી મળી છે. છે. અલબત્ત અગાઉ ની જેમ જ નિરસતા સેવાઈ રહી છે

ગુડાના સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે મકાન બાંધકામ કરવા દરમિયાન મંજુરી વગર બાંધકામ કરવામાં આવ્યુ હોય અને જે તે સમયના સુસંગત કાયદાનું ઉલ્લંઘન કરીને અનધિકૃત વિકાસ કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં આવા બાંધકામોને નિયમોને આધિન રહીને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી ની યોજના હાથ ધરવામાં આવી છે .જેને અનુલક્ષી અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૩ નિયત કરાઈ છે . અગાઉ સરકારે વટહુકમ બહાર પાડીને આ યોજનાની જાહેરાત કરી હતી . જે અન્વયે માર્જનની જગ્યા, બાંધકામ વિસ્તાર, મકાનની ઉંચાઇ, વપરાશ ફેર, સહિયારા પ્લોટમાં થયેલા બાંધકામ, બહારના ભાગો અને પાર્કિંગમાં થયેલા બાંધકામોનો સમાવેશ કરવામાં આવ્યો છે

ગેરકાયદે બાંધાકમના કિસ્સામાં ૫૦ ચોરસ મીટર સુધી રૂપિયા ૩ હજાર ભરીને, ૧૦૦ મીટર સુધી રૂપિયા ૬ હજાર, ૨૦૦ મીટર સુધી ૧૨ હજાર, ૩૦૦ મીટર સુધી ૧૮ હજાર અને ૩૦૦ ચોરસ મીટરથી વધુના કિસ્સામાં

● અનુસંધાન પાન-૭ પર

# કલેક્ટરે મહેસુલી અધિકારીઓને પડતર અરજીઓના નિકાલ માટે સૂચના આપી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે.એ આજે જિલ્લાના મહેસુલી અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયાને લઈ થયેલા કામગીરીના ભરાવાનો ઝડપથી નિકાલ કરવા માટેની સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે તેમની નિયુક્તી પછી પ્રથમવાર મળેલ મહેસુલી અધિકારીઓની બેઠકમાં તેમણે સી.એમ. ડેશ બોર્ડના નિયત થયેલા લક્ષ્યાંકો મુજબની કામગીરીને વેગીલી કરવા સાથે તેની ડેટા એન્ટ્રી પણ યોગ્ય સમયમર્યાદામાં થઈ જાય તે જોવા જણાવ્યુ હતુ.

ગણોત તેમજ જમીન સુધારણાના કેસોમાં પણ લાંબા સમયથી પડતર કેસોના ઝડપી નિકાલ માટે, તકરારી નોંધો, આઈઓરામાં જે અભિપ્રાયો આપવાના બાકી હોય તે તેમજ મળેલ રજુઆતોનો સમય મર્યાદામાં ઝડપથી નિકાલ થાય તે જોવા જણાવ્યુ હતુ.

તેમણે તંત્રને વધુ લોકાભિમુખ બનાવવા માટે પણ વિશેષ માર્ગદર્શન આપી જનસેવા કેન્દ્રની અરજીઓના ઝડપી નિકાલ માટે જણાવ્યુ હતુ. કચેરીમાં સ્વચ્છતા જળવાય તેમજ જુના ફર્નિચર અને કાટમાળનો નિકાલ પણ ઝડપથી થાય તેના પર ભાર મુક્યો હતો. તેમણે કચેરીમાં સફાઈ નિયમિત થાય તેમજ અરજદારોને કોઈપણ પ્રકારની અડચણો ના થાય તે જોવા જણાવ્યુ હતુ.

જિલ્લા કલેક્ટરે આજની બેઠકમાં આગામી દિવસોમાં ખાસ કરીને તુમાર નિકાલ ઝુંબેશ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા, કેન્દ્રના વિવિધ પ્રોજેક્ટ્સ અંતર્ગત જમીન સંપાદનના કેસો અને પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ગતિ આવે તેના પર પણ ભાર મુક્યો હતો.

જિલ્લાના તમામ મહેસુલી અધિકારીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. તેમણે ચડત કામગીરી ૧૫ દિવસમાં પૂર્ણ કરવા અને નવા વર્ષના આરંભમાં નવા જોમ જુસ્સા સાથે વધુ લોકાભિમુખ બનવા પણ જણાવ્યુ હતુ.



**પ્રશ્નોરા નાગર બેસણું**

અમારા પિતાશ્રી **કૌશિક જયદેવભાઈ ભટ્ટ** નું તા.૧૫-૧૨-૨૦૨૨ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૮-૧૨-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં.૧૬૪/૨, આનંદવાટીકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર.

| | |
|---|---|
| હેમલત્તાબેન નરેન્દ્રભાઈ શુક્લ | અ.સૌ. ચૌલા વિરલભાઈ ત્રિવેદી |
| સ્વ. હરબાળાબેન રાજેન્દ્રભાઈ ભટ્ટ | શેખર કૌશિકભાઈ ભટ્ટ |
| પૂર્ણાબેન ખુશમનભાઈ વૈદ્ય | હિતેન કૌશિકભાઈ ભટ્ટ |
| ઉમાબેન જયદેવભાઈ ભટ્ટ | અ.સૌ. પૂર્વી ભટ્ટ (પૂત્રવધુ) |
| તથા સમસ્ત પરિવાર | અ.સૌ. જાનવી (પૂત્રવધુ) |

નોંધ : લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. - શ્વસુર પક્ષનું બેસણું સાથે રાખેલ છે

# સે. ૩-એ-ન્યુના નંદ ઘરની મુલાકાત લેતા મહિલા બાળ વિકાસ મંત્રી

**ટામેટુ રે ટામેટુ... ચકલી બોલે ચીચી... જેવા બાળગીતો બાળકોએ રજુ કરતાં મંત્રી મોહી પડ્યા... બાળકોને અપાતા નાસ્તાનો સ્વાદ પણ તેમણે બાળકો સાથે બેસી લીધો**



ગાંધીનગર, તા. ૧૬

રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગનો હવાલો સંભાળ્યા બાદ મંત્રી ભાનુબેન બાબરિઆ આજે સે. ૩-એ-ન્યુના નંદઘરમાં પહોંચ્યા હતા.

મંત્રી બાબરિઆનું સ્વાગત બાળકોએ તિલક અને પુષ્પ છડી આપીને કર્યુ હતુ. તેઓ ભુલકાઓને જોઈ ભુલકા જેવા બની ગયા હતા અને તિલક કરવા બાળકની સામે ઝુકી ગયા હતા.

મંત્રીના આગમનથી બાળકો પણ મોજમાં આવી ગયા હતા. મંત્રીએ પુછ્યુ કે અહિ રોજ આવો છો ? મઝા આવે છે ? તમને ગીતો આવડે છે ? મંત્રીના પ્રશ્નોના જવાબ આપવા બાળકોમાં પણ હોડ

● અનુસંધાન પાન-૭ પર

# હવે, દિવસ ટુંકો અને રાત લાંબી થતી જાય છે

**સાંજે છ વાગે તો અંધારાના ઓળા ઉતરી આવે છે : છેક આઠ વાગે જાણે સવાર થતી હોય તેવુ લાગે છે : હજુ ૨૨મી ડિસેમ્બર સુધી દિવસ ટૂંકો થશે**

ગાંધીનગર, તા. ૧૬

ડિસેમ્બર મહિનામાં હજુ ભલે અત્યાર સુધી ઠંડી જામી ન હોય પરંતુ ટૂંકો થઈ રહેલો દિવસ શિયાળાની યાદ અપાવી રહ્યો છે. સાંજે છ વાગતા જ અંધારૂ ઉતરી આવે છે. હજુ ૨૨મી ડિસેમ્બર સુધી વધુને વધુ દિવસ ટૂંકો થશે.

શિયાળો આવે એટલે ઠંડી જામે અને દિવસ ટૂંકો થવા લાગે છે. તડકામાં બેસવાની ખૂબ ઈચ્છા થાય પરંતુ સૂર્યનારાયણ મોડા ઉગતા હોવાથી પરાણે ઘરમાં પુરાઈ રહેવુ પડે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા એક અઠવાડિયાથી ઠંડી સાવ ગાયબ થઈ ગઈ છે. ગરમ કપડાં વાળીને મુકી દેવા પડે એવુ વાતાવરણ સર્જાયુ છે. દિવસે તો ફૂલ સ્પીડે પંખો ચલાવવો પડે તેવી ગરમીનો અનુભવ થાય છે. જો કે ઠંડી ભલે જામી ન હોય પરંતુ દિવસે દિવસે ટૂંકો થઈ રહેલો દિવસ શિયાળાનો અહેસાસ અપાવી રહ્યો છે. સાંજે ૬ વાગતા જ જાણે અંધારૂ ઉતરી આવે છે. સચિવાલય સહિતની સરકારી કચેરીઓના કર્મચારીઓ ઘરે પહોંચે ત્યાં સુધીમાં તો જાણે રાત પડી જાય છે. દિવસ વહેલો આથમી જતો હોવાથી તેની અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. બજારો વહેલા બંધ થઈ જાય છે. શાકમાર્કેટ પણ વહેલા બંધ થઈ જાય છે. વસાહતીઓને જો ખરીદી કરવી હોય તો ઉતાવળ રાખવી પડે છે. આખુ નગર જાણે રાત્રે નવ વાગે તો શાંત થઈ જાય છે. જો કે ન્યુ ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં થોડીક ચહલપહલ રાત્રે અગિયાર વાગ્યા સુધી જોવા મળે છે. વળી દિવસ મોડો ઉગતો હોવાથી લોકોની દિનચર્યા પણ બદલાઈ છે. તડકો છેક આઠ વાગ્યે આવતો હોવાથી મોર્નિંગ વોક કરનારાઓને સમય બદલવો પડ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ પદે રાજેન્દ્રસિંહ રાઓલ

**ઉપપ્રમુખ ભુપેન્દ્રસિંહ ગોહીલ : બાર એસોસિએશનની ચુંટણીને અનુલક્ષી મતદાન બાદ મત ગણતરીના અંતે વકીલોમાં ચુંટણીલક્ષી ઉત્તેજનાનો અંત : પરિણામના અંતે જીતની ખુશી મનાવી વકીલો ઢોલના તાલે જુમ્યા**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર બાર એસોસિએશનની આજે ચુંટણી યોજવામાં આવી હતી. સવારથી જ મતદાનની પ્રકીયા ચાલુ થતા વકીલોમાં પણ ભારે ઉત્તેજનનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં ગાંધીનગર કોર્ટના અંદાજિત ૬૩૮ વકીલો પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. એક દાયકાના અંતે ગાંધીનગર બારના પ્રમુખ, ઉપપ્રમુખ સહીતના વિવિધ ૨૩ હોદાઓને અનુલક્ષી વકીલોમાં રસપ્રદ ચુંટણી પ્રકીયા હાથ ધરવામાં આવી હતી જેમાં પ્રમુખ પદ માટે ૫ ઉમેદવારો અને ઉપપ્રમુખ પદ માટે ૮ ઉમેદવારો ચુંટણી મેદાને હતા. આ ઉપરાંત સેક્રેટરીના હોદાને અનુલક્ષી ૫



● અનુસંધાન પાન-૭ પર

# ખાદ્ય ખોરાક-૨૦૨૨ એક્ઝિબીશનમાં મોન્યુમેન્ટલ ફ્રેમ કેક વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ




ખાદ્ય ખોરાક-૨૦૨૨ એક્ઝિબીશન સેન્ટર ખાતે આધુનિક ફૂડ ટેકનોલોજી અને પ્રોડક્ટ્સે આકર્ષણ જમાવ્યુ છે. જેમાં ૬ બાય ૮ ફીટની મ્યુરલ મોન્યુમેન્ટલ ફ્રેમ કેક બનાવનાર કનીનિકા મહેતા અને શેફ ઝાલેરી મહેતાને વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યા બદલ સર્ટીફિકેટ અને એવોર્ડ એનાયત કરવામાં આવ્યુ હતુ. આ કેક દુનિયાની પ્રથમ મોટી ખાવાલાયક મ્યુલર મોન્યુમેન્ટ ફ્રેમ કેકમાની એક છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com